નમસ્કાર ગાંધીનગર

પમરાટ

ના હેસિયત નડી ના કંગાલિયત નડી છે,
સાચું કહું તો એને ઇન્સાનિયત નડી છે.
અણકસબીને નડી છે અણઆવડત એ રીતે,
કાબિલ હતા એ સૌને કાબેલિયત નડી છે.

- હર્ષદ સોલંકી

પાથેય

- રમેશ ઠક્કર

ખુમારી એ જ ખુવારી !

કહેવાય છે કે જગતમાં કસોટી કંચનની જ થાય છે..કબીરે બહુ રિંચતા હોતી નથી..જે સારા હોય છે એની દશા સારી નથી હોતી..ઈશ્વર એટલે આમ તો સર્વ શક્તિમાન સત્તા કહેવાય..દુન્યવી લોકો તો સારા નરસાનો ભેદ પોતાની રીતે કરે પણ ઘણીવાર તો ઈશ્વર પણ એવું જ કરતો હોય એવું લાગે..રણમાં ધોધમાર વાદળીઓ વરસની રહે અને ખેતરો સુકાતાં હોય..ફૂલડાં ડૂબી જાય અને પથ્થરો તરી જાય..ધરમીના ઘેર જ ધાડ પડતી રહે અને લૂંટારાઓ લ્હેરથી ફરતા હોય ત્યારે સીધી રીતે જીવતા માણસને જરીક વસવસો થાય એ સહજ છે..આપણી હેસિયત ગમે તે હોય..તમે ગરીબ છો કે તવંગર એ પણ ગૌણ બની જાય છે..એ બધું સજજનો માટે જ જાણે અડચણરૂપ બનતું રહે છે..માણસને એની માણસાઈ કે સલૂકાઈ નડતી હોય છે..જંગલમાં વાકાંચૂંકાં ઝાડ કોઈ કાપતું નથી..સીધાં અને ઉપયોગી હોય એવાં ઝાડ ઉપર જ કૂહાડીના ઘા અવિરત પડતા રહે છે. આપણી આસપાસ અનેક લોકો જીવતા રહે છે.એમની રોજિંદી જિંદગીમાં મોટાભાગે એકવિધતા હોય છે.સરેરાશ જીવતા લોકો માટે કોઈને દિલચસ્પી હોતી નથી..જેની પાસે પૈસા નથી, પ્રતિભા નથી. કે પાવર નથી એને પામર ગણી લોકો ઉપેક્ષા કરતા રહે છે.લોકો એમને સલાહ આપતા રહે છે કે આગળ વધો..! આવા લોકો પૈકી કોઈ મહેનત કે કઠોર સંઘર્ષ કરી જો તનતોડ પ્રયાસો હાથ ધરી સ્હેજ ઉપર ઉઠે તો લોકોની નજરે ચડી જાય છે ! એને સલાહો આપનાર જ એના આલોચક બની જાય છે.કોઈકે સરસ કહયું છે કે તમે આગળ વધો એની સામે લોકોને વાંધો હોતો નથી પણ એમના કરતાં આગળ વધી ના જાઓ એની સામે સખત નારાજગી હોય છે ! આળસુ કે આવડત વગરનો માણસ એની અણઆવડતના કારણે હેરાન થતો રહે છે.લોકોની અવહેલનનો ભોગ બનતો રહે છે..એમ જ કાબેલ માણસ લોકોની ઈર્ષ્યાનો ભોગ બનતો રહે છે..કવિ આ વિરોધાભાસ માટે વિસ્મય અનુભવે છે. ઈર્ષા અકારણ આકાર પામે છે તો તેજોદ્વેષનું કોઈ કારણ હોતું નથી.બતૌર માણસ ઈશ્વરે આપણને કેટલું ઐશ્વર્ય આપ્યું છે..? હૈયું, મસ્તક, હાથ...બહુ દઈ દીધું નાથ..જા ચોથું નથી માગવું..આવી ખુમારીને બદલે માણસ અન્યની સાથે સરખામણી કરતો રહે છે ત્યારે, એ ઝંખવાણો પડી જાય છે. યક્ષપ્રશ્ન એ રહે છે કે એક માણસ બીજા માણસ માટે અસૂયા શું કામ રાખતો હશે! શેકસપિયરે જેને ભૂરી આંખોવાળી *(blue eyed)* કહી વર્ણવી છે એ,'જેલસી' એ રામાયણમાં મંથરા બની કાળો કેર વર્તાવ્યો હતો..એ ચિરકાલીન જ નહી સર્વકાલિન છે..કૂથલી થકી એ પ્રગટે છે અને વાંકાપણાથી વિકસે છે. લાંબા નાકવાળો માણસ અભિનેતા કઈ રીતે બની શકે? ખરાબ અક્ષરવાળો માણસ સાક્ષર બની ગયો...કે ગઈકાલનો મુફલિસ આજે માલેતુજાર બની ગયો...આવું કારણવગર કોઈને ડંખે એનું નામ તેજોદ્વેષ...એવું કહેવાય છે કે ઈર્ષ્યા એ લઘુતાગ્રંથીમાં થી અવતરે છે અને અસહિષ્ણુતા થી ત્રાટકે છે..એ સામેની વ્યક્તિ ને જે નુકશાન કરે છે એટલું જ પોતાને પણ કરતી હોય છે..આમછતાં આવી ખુવારી માણસ મને ગમતી હોય છે..ઘણીવાર તો કારણ વગર માણસ કોઈકના ઈર્ષાજવરનો શિકાર બની જાય છે...અને અકારણ કોઈકની કૂથલી થકી કરમાઈ જાય છે...પરંતુ ઠાઠમાઠથી નિજાનંદમાં જીવવું એ કદાચ આની સામેનો શ્રેષ્ઠ પ્રતિકાર હોઈ શકે...મોજમાં રહેવું એ મલમ હોઈ શકે.

કોંગ્રેસને ઉગારવા સોનિયા ગાંધીનો ગહલોત-વ્યૂહ

તંત્રીસ્થાનેથી...

આખરે કોંગ્રેસનાં કાર્યકારી રાષ્ટ્રીય અધ્યક્ષ સોનિયા ગાંધીને સમજાયું છે કે હવે પાણી માથા પરથી વહી ગયું છે. ઈડી સામે હાજર થવું પડશે એવી તો એમને સ્વપ્ને પણ કલ્પના નહીં હોય. એમનો અપત્યપ્રેમ રાહુલ ગાંધીને નહેરુ-ઈંદિરાના વારસ બનાવવામાં સફળ થયો ખરો પણ એથી કોંગ્રેસને ફાયદા કરતાં વધુ નુકશાન થયું છે એનીય એમને પ્રતીતિ થઈ છે. એમની વિરુદ્ધ ખુદ પાર્ટીમાંથી જ ત્રેવીસ મહત્ત્વના આગેવાનોએ વિદ્રોહ કર્યો એને એ શમાવી શક્યાં નથી. કપિલ સિબ્બલ કે જે પાટીના આકરા વખતમાં એના પ્રવક્તા અને અભિવક્તા તરીકે સતત સક્રિય રહ્યા કરતા એમને રાજયસભાનું સભ્યપદ સમાપ્ત થતાં કોંગ્રેસમાંથી રાજીનામું આપીને સમાજવાદી પાર્ટીના ક્વૉટામાંથી રાજયસભાના સદસ્ય બનવાનું પસંદ કર્યું છે. એ ત્રેવીસ પૈકી કેટલાક કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ બની શકે એ બરના પણ છે. એમનો સ્પષ્ટ અભિપ્રાય હતો કે હવે પરિવારના સભ્યો સિવાયના કોઈ અગ્રણીને કોંગ્રેસનું સુકાન સોંપવું ઘટે. જો કે નહેરુ વારસો કોંગ્રેસની એક અણમોલ મૂડી છે અને ગાંધી પરિવારના સદસ્યો વગરની કોંગ્રેસની મોટા ભાગના લોકો કલ્પના સુદ્ધાં નથી કરી શકતા. આવા સંજોગોમાં પ્રમુખ ભલે ગમે તે હોય પણ છેલ્લો નિર્ણય તો ગાંધી પરિવારનો જ રહેશે. ખુદ પી.વી. નરસિંહ રાવ અને સીતારામ કેસરીને એનો કડવો અનુભવ થઈ ચૂક્યો છે. અત્યારે જે વિકટ સંજોગો સરજાયા છે એમાં ગાંધી પરિવારને મજબૂરી વશ પ્રમુખ પદથી દૂર રહેવું પડે તો પણ પડદા પાછળના હાઈકમાંડ તો રાહુલ ગાંધી જ રહેવાના છે. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી વખતે ઊંધા માથે પછડાયા પછી રાહુલ ગાંધીએ નૈતિક જવાબદારી સ્વીકારીને રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે રાજીનામું આપી દીધું હોવા છતાં એ જ 'અલ્ટિમેટ લીડર' બની રહ્યા છે. ઓછામાં પૂરું પ્રિયંકા ગાધીને પણ રાજકારણમાં ખેંચી લાવીને રાષ્ટ્રીય મહામંત્રી પદ સુપરત કરીને એ પરિવાર વગર કોંગ્રેસનું કલ્યાણ જ નથી એવી પ્રતીતિ કરાવાઈ. જયારે કોંગ્રેસનું રાષ્ટ્રીય સ્તરે ધોવાણ થઈ ચૂક્યં છે ત્યારે એમાં નવા પ્રાણ ફૂંકવા માટે સોનિયા - રાહુલ બેબાકળાં બને તે સ્વાભાવિક છે. અલબત્ત, તે પોતાના ટકોરાબંધ વફાદાર સાથીને જ પક્ષના રાષ્ટ્રીય સુકાની તરીકે મૂકી રિમોટ કંટ્રોલ પોતાના હાથમાં રાખશે એમાં શંકાને સ્થાન નથી. આવા 'ટ્રબલશૂટર' વફાદાર સાથીઓ પૈકી એક હતા અહમદ પટેલ જે હવે જન્નતનશીન થઈ ચૂક્યા છે. બીજા છે રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહલોત. અશોક ગહલોત હંમેશાં ગાંધી પરિવારની તરફદારી કરતા રહ્યા છે. મૂળે તેઓ જાદુના વ્યવસાયનો વારસો ધરાવે છે. સૌમ્ય પ્રકૃતિના આ માળી નેતાએ એમની લોકપ્રિયતાના બળ પર રાજસ્થાનમાં ભાજપને જમાવટ કરતું અટકાવ્યું છે. રાજસ્થાનના જ જગદીશ જનખડ હવે ભાજપના નેતા મટીને ઉપરાષ્ટ્રપતિ જેવું ઊંચું બંધારણીય પદ સંભાળી રહ્યા છે. એ સંજોગોમાં રાજસ્થાનના જ સૌથી લોકપ્રિય અને અનુભવી નેતાને કોંગ્રેસનું સુકાન સોંપીને ગાંધી પરિવાર જરૂર રાહતનો દમ લઈ શકે એમ છે. ગુજરાતની ચૂંટણી વખતે રાજસ્થાનની ગહલોત સરકારના જ એક મંત્રી રઘુ શર્માને આઘા પાછા કરીને પ્રભારી તરીકે ગહલોતને જવાબદારી સોંપાયેલી છે. જો હવે ગહલોત રાષ્ટ્રીય અધ્ય તરીકે નિયુક્ત થાય તો તેઓ હાઈકમાન્ડના ગાંધી પરિવારના પરમ શુભેચ્છક તરીકે વફાદારીપૂર્વક ફરજ નિભાવી યોગ્ય સમયે રાહુલ ગાંધીને એમનો એ 'રાષ્ટ્રીય અધિકાર' પરત કરી શકશે. વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે રાહુલ ગાંધીને જ ઊપસાવવાનો પુરુષાર્થ કરાતો રહેશે એમાં મીનમેખ નથી. સર્વેક્ષણ કરાવાય તો પણ કોંગ્રેસીઓ અશોક ગહલોત કરતાં રાહુલ - પ્રિયંકાને જ પસંદ કરશે કારણ કે તેઓ હજી ગાંધી પરિવારની અસરના ઘેનમાં છે. જે કોંગ્રેસ છોડીને ભાજપમાં ગયા છે એમનું ભ્રમનિરસન જરૂર થઈ ચૂક્યું છે અને ભાજપમાં જવાથી બચ્યુંખૂટ્યું જે કંઈ મળે તે લઈ તેઓએ સંતોષ માનવાનો છે. પરંતુ લાંબા ગાળાના શેર રોકાણની માનસિકતા ધરાવતા કટ્ટર કોંગ્રેસી વિચારધારાને વરેલા કાર્યકરો તો એ જ દિવસની રાહ જોતા રહેએશે જયારે મોડા-વહેલા રાહુલ ગાંધી કે વિકલ્પે પ્રિયંકાની તાજપોશી થાય અને ફરી પાછો કોંગ્રેસી શાસનનો તબક્કો શરૂ થાય.

ગૃહમાં વાણી સ્વાતંત્ર્ય : 'અસંસદીય શબ્દો-૨૦૨૧'નો અમલ ૧૮ જુલાઈ, ૨૦૨૨થી સંસદના સત્રથી થયેલ છે

ગૃહનું કાર્યવાહી ગૌરવપૂર્ણ અને શિસ્તબધ્ધ રીતે ચાલે તે માટે જરૂરી કાયદો ઘડવાનો ગૃહને હક્ક છે

કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

બંધારણની કલમ-૧૦૫(૧)માં જણાવ્યા પ્રમાણે ભારતનાં સાંસદો ગૃહમાં ચર્ચા દરમિયાન પોતાના વિચારો મુક્ત અને નિર્ભયપણે, નિર્મિકપણે રજૂ કરવા હક્કદાર છે. આમ તો સામાન્ય નાગરિકોને પણ બંધારણનાં આર્ટીકલ-૧૯(ક)થી વાણી સ્વાતંત્ર્યનો મૂળભૂત હક્ક આપેલો છે, પરંતુ તેમાં કેટલાક નિયંત્રણો છે, જે સંસદને લાગૂ પડતા નથી.

સાંસદોનાં વાણી સ્વાતંત્ર્યના હકક પર માત્ર એક જ નિયંત્રણ છે, જે આર્ટિકલ-૧૨૧ દ્વારા મૂકવામાં આવ્યું છે. જે મુજબ ગૃહમાં સર્વોચ્ચ અદાલતને વડી અદાલતના ન્યાયાધિશોના કૃત્યોની ચર્ચા થઈ શકે નહિ. આ જોગવાઈનો હેતુ ન્યાયતંત્રને સંપૂર્ણતા, સ્વતંત્ર અને નિશ્ચિત રાખવાનો છે. આ ઉપરાંત ગૃહમાં અશિષ્ટ ભાષા કે વર્તન ઉપર પ્રતિબંધ છે. જે ગૃહે પોતે સ્વીકારેલ છે.

ગૃહની કાર્યવાહી પ્રકાશિત કરવાનો હક્ક ૧૯૫૬માં પાર્લામેન્ટરી પ્રોહિબિશન ઓફ પબ્લીકેશન એક્ટ, ૧૯૫૬થી પસાર કર્યો છે. જે દ્વારા ગૃહની કાર્યવાહીનું તટસ્થ તેમજ માહિતી ના ફેલાવવા માટે પ્રકાશન થાય તેને રક્ષણ આપેલ છે, પરંતુ ૪૪માં સુધારાથી તેને ફરી અલગ મૂકવામાં આવેલ છે અને વધારામાં આ સુધારાથી આર્ટિકલ-૩૬૧(ક) ઉમેરીને સંસદની કાર્યવાહીનો સાચો અહેવાલ પ્રસિધ્ધ કરવા માટે કોઈ વ્યક્તિ સામે દિવાની કે ફોજદારી કાર્યવાહી કરી શકાશે નહિ. તેમ ઠરાવવામાં આવેલ છે.

પરંતુ એમ.એસ.એન. શર્મા વિ. સિન્હા (૧૯૫૯)નાં કેસમાં સુપ્રિમકોર્ટમાં જણાવ્યા પ્રમાણે, સંસદની બેઠકોનાં ગુપ્ત અહેવાલ તેમજ જે બાબતોનું પ્રકાશન સ્પષ્ટ રીતે પ્રતિબંધ હોય તે પ્રકાશિત કરી શકાય નહિ. સદરહું કેસમાં બિહાર વિધાનસભાનાં સભ્યના ભાષણનાં એક ભાગને અધ્યક્ષે કાર્યવાહીમાંથી રદ કરવા માટે હુકમ કર્યો હોવા છતાં તેની પ્રસિધ્ધી વર્તમાનપત્રમાં કરવામાં આવી હતી, સર્ચ લાઈટ તરીકે જાણીતા આ કેસમાં અદાલતે ઠરાવ્યું કે, આર્ટિકલ-૧૦૫(૨)ની જોગવાઈ સંવિધાનની અન્ય જોગવાઈઓને આધિન નથી, તેથી ગૃહ દ્વારા સ્પષ્ટ રીતે પ્રતિબંધિત બાબતોનું પ્રકાશન કરી શકાય નહી.

ભારતનાં સંવિધાનની જોગવાઈ અનુસાર બે જ વિશેષાધિકારો સ્પષ્ટ રીતે આપેલા છે, પરંતુ આર્ટિકલ-૧૦૫(૩) ની જોગવાઈ અનુસાર સાંસદ આ અધિકારો બાબતમાં કાયદો ઘડે ત્યાં સુધી ૪૪માં સુધારો અમલી બન્યો તે સમયે અસ્તિત્વ ધરાવતા વિશેષાધિકારો ધરાવતા હતા, તે ચાલુ રાખ્યા છે.

ગૃહનું કાર્યવાહી ગૌરવપૂર્ણ અને શિસ્તબધ્ધ રીતે ચાલે તે માટે જરૂરી કાયદો ઘડવાનો ગૃહને હક્ક છે. ગૃહની આંતરિક શિસ્તની જાળવણી માટે ગૃહને નિરપેક્ષ સત્તા છે. બોલોફ વિ. ગોસેટનાં ૧૨ ક્યુબીડી ૨૭૧ કેસમાં નિર્ણય થયા અનુસાર ગૃહ કોઈ સભ્યને સભ્યપદેથી દૂર કરવાનો નિર્ણય કરેલ હોય તો તે બાબતોમાં અદાલત હસ્તક્ષેપ કરશે નહિ.

અદાલત સમક્ષ પુરાવા આપવા કે સાક્ષી તરીકે હાજર રહેવાની સંસદનાં સભ્યોને ગૃહની બેઠક ચાલુ હોય તે પૂરતી મુક્તિ આપવામાં આવી છે. આ જોગવાઈ પણ સભ્યો ગૃહમાં હાજરી આપી શકે તે માટે કરવામાં આવી છે. ગૃહમાં સલામતીની દ્રષ્ટિએ અગત્યની હોય છે. જેની ચર્ચા દરમ્યાન અજાણી વ્યક્તિને ગૃહમાંથી દૂર કરી શકે છે. ગૃહનાં તિરસ્કાર કે વિશેષાધિકાર ભંગ બદલ શિક્ષા કરવા કે શબ્દોની ગૃહનાં કર્તવ્યરૂપ બનાવવામાં બાધારૂપ થાય તેને ગૃહનો વિશેષાધિકાર ભંગ ગણી શકાય.

હવે સંસદમાં/ વિધાનસભામાં 'જુમલાજીવી'/ 'તડિપાર' શબ્દ બોલી શકાશે નહીં ! બંધારણના આર્ટિકલ-૧૦૫ (૨)માં જોગવાઈ કરી છે કે સંસદમાં કોઈ સભ્ય કોઈ વાત કે ટિપ્પણી કરે તો તેની સામે કોઈ અદાલત કાર્યવાહી કરી શકશે નહીં. એક તરફ સંસદસભ્યોને/ધારાસભ્યોને અમર્યાદ, અભિવ્યક્તિની સ્વતંત્રતા મળે છે; તો બીજી તરફ આ સ્વતંત્રતા ઉપર ગૃહના અધ્યક્ષ નિયંત્રણ મૂકી શકે છે. સંસદ સભ્યો અભદ્ર/ અશિષ્ટ/માનહાનિકારક/ અસંસદીય શબ્દો બોલી શકતા નથી; કે હાવભાવ કરી શકતા નથી; કોઈ એવા શબ્દો બોલે તો 'લોકસભા કાર્યવાહી નિયમ-૩૮૦' હેઠળ એ શબ્દોને કાર્યવાહીમાંથી લોકસભાના સ્પીકર અને રાજ્યસભાના અધ્યક્ષ દૂર કરી શકે છે. દેશની વિધાનસભાઓ/વિધાન પરિષદો આ નિયમ મુજબ ચાલે છે. સંસદની/ વિધાનસભાની ગરિમાને ઓછી કરતા હોય/ રાષ્ટ્રહિતની વિરુદ્ધ હોય/વિદેશો સાથે મૈત્રીપૂર્ણ સંબંધો જાળવી રાખવામાં બધા રુપ હોય/ મિત્ર રાષ્ટ્રોના પ્રમુખો, માનનીય વ્યક્તિઓના સન્માન વિરુદ્ધ હોય/રાષ્ટ્રીય ભાવનાને ઠેસ પહોંચે તેવા/ સમુદાયના કોઈ વર્ગની ધાર્મિક સંવેદનશીલતા વિરુદ્ધ/સેનાને બદનામ કરતા/આપત્તિજનક/ગૃહને હાસ્યાસ્પદ બનાવે તેવા શબ્દો બોલી શકાય નહીં. અધ્યક્ષ દ્વારા હટાવેલ શબ્દો અખબારો લખી શકતા

અનુસંધાન પાના નં. ૭ પર

ફરિયાદોમાંથી સ્વતંત્રતા ત્યારે જ મળી શકશે જયારે પોતાની પાસે જે છે તે જોતાં, સમજતાં અને માણતાં શીખશું

WhatsApp ઓફ ધી વીક

નેહલ ગઢવી

હીરા-માણેક-રત્ન-ખજાના... બધું છે, જા અંદર ગોત!
સૂરજ-ચંદર ધ્રુવ ને તારા... બધું છે જા, અંદર ગોત!
આપત્તિના પહાડી કિલ્લા કંઈકને આડા આવ્યા છે;
અટકીશ મા, ધર બુદ્ધિ, સધ્ધર શક્તિ-સ્રોત પુરંદર ગોત!
ડૂબવાનું છો તો નિર્માયું, તોય અલ્યા! તું માટી થા!
છોડ ઢાંકણી, ખાડા-કૂવા-નાળાં છોડ, સમંદર ગોત!
એક જ થાપે - આશીર્વાદે, એક જ મીટમાં ન્યાલ થઈશઃ
પરચૂરણિયા મૂક નકામા, જોગી કો'ક કલંદર ગોત!
શુભ-અશુભ ને સાચા-જૂઠના જગત ખેલથી કયાં ભાગીશ?
કશું ન સ્પર્શે એવું ખાખી-ભગવું એક પટંતર ગોત!
ઊપડ્યો છો તો કેદીનો... ને હલેસાં પણ બહુ માર્યા;
ભલા આદમી! કયાં જાવુ છે? પોતીકું કયાંક બંદર ગોત!
ભરતી-ઓટ-તૂફાનો.... સઘળું. અનિવાર્ય કુદરતનો ક્રમ;
આસન તારું અડોલ રાખે એવું જબરું લંગર ગોત!
ઝાઝાં થોથાં, ઝાઝી બુદ્ધિ, ઝાઝા વાદ-વિવાદે શું?
જડીબુટ્ટી તો આ સામે રહીઃ સત્ય, શિવ ને સુંદર'' ગોત!
મળ્યા અને મળનારા જન્મે. તસુ-સુ પણ ચડતો જા;
પાછો નહીં પડતો.. જોગંદર! અંતર ગોત.. નિરંતર ગોત!

- યોગેન્દ્ર વિ. ભટ્ટ

આઝાદીના અમૃત મહોત્સવની સર્વે ભારતીયોને અઢળક વધાઈ પાઠવીને આ ઉજવણી એક દિવસ પૂરતી આપણામાં દેશભક્તિ કે સકારાત્મકતાને ઉજાગર ન કરે અને ઉજવણીનો આનંદ સદાય આપણામાં મહેકતો રહે તે જ શુભેચ્છાઓ. સ્વતંત્રતા મળી તે દિવસથી આજ સુધીમાં ભારતમાં, ભારતીયોની માનસિકતા, ભારતના અર્થતંત્રમાં કેટકેટલા પરિવર્તનો આવ્યા. પરંતુ, આ તમામ બાબતોની વચ્ચે એક વસ્તુ અકબંધ રહી છે અને તે છે ફરિયાદો! દેશ સ્વતંત્ર બન્યો ત્યારે પણ અમુક લોકોને અમુક ફરિયાદો હતી અને આજે પણ એક વર્ગ એવો છે જે માત્ર અને માત્ર ફરિયાદો જ કર્યા કરે છે તેમને ફરિયાદોમાંથી સ્વતંત્રતા ત્યારે જ મળી શકશે જયારે તે પોતાની પાસે જે છે તે જોતાં, સમજતાં અને માણતાં શીખશે. શ્રાવણ મહિનો એ શિવમહિમાના પર્વને ઉજવવાનો અવસર છે ત્યારે આપણી ભીતર રહેલા સત્ય, શિવ અને સુંદરને જાણીને તેને સમજતાં આપણે શીખીશું ત્યારે જ ખરા અર્થમાં નકારાત્મકતાથી સ્વતંત્ર થઈ શકીશું, ફરિયાદોથી મુક્તિ મેળવી શકીશું.

સ્વતંત્રતાના અનેક અર્થ સૌ કોઈ પોતપોતાની અનુકૂળતા મુજબ શોધી લેતા હોય છે. આજના આ યુગમાં વૈચારિક સ્વાતંત્ર્ય, વાણી અને વર્તનનું સ્વાતંત્ર્ય એ છેક સ્વચ્છંદી બનવા સુધી પહોંચી ગયેલું જણાય ત્યારે તે બાબત ચિંતાનો વિષય બની જાય છે. સ્વતંત્રતા આપણા માટે આજે પણ એટલી જ મહત્ત્વની બાબત છે. આપણે નકારાત્મક વિચારોથી, હીન વિચારસરણીથી, નિમ્ન સાહિત્યથી, નિંદા-કૂથલીથી આ પ્રકારની અનેક બાબતોથી પોતાની જાતને મુક્તિ અપાવવાની છે. સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે, આપણે આપણી જાતે જ એક સંકલ્પ લઈએ કે જે બાબત આપણને નિરાશા, હતાશા કે નકારાત્મક મનોદશા તરફ લઈ જાય તેનાથી પોતાની જાતને મુક્ત કરાવીશું. ટેકનોલોજીનો ઉપયોગ ચોક્કસપણે કરીશું પણ પોતાની જાતને તેના ગુલામ કયારેય ન જ બનવા દઈએ. ઈશ્વરની રચેલી આ સુંદર સૃષ્ટિમાં માનવે પોતાની બુદ્ધિમત્તા અને સૂઝબૂઝથી જે વધારો કર્યો છે તેનો ઉપયોગ વિકાસ તેમજ પ્રગતિ કરવા માટે કરીશું. પોતાની આસપાસ કોઈ પણ પ્રકારની નકારાત્મક ઉર્જા ફેલાવનાર વ્યક્તિ કે વસ્તુને કોઈ કાળે સાંખી લઈશું નહિ.

શ્રી રવીન્દ્રનાથ ઠાકુર લખે છે, અધર્મથી માણસ અમુક વખત પૂરતો સંપત્તિવાન થાય છે, સુખો પામે છે, હરીફો ઉપર વિજય મેળવે છે, પણ અંતે સમૂળગો નાશ પામે છે.''

આપણા દેશની વિદ્યાપીઠો તો હરતી-ફરતી વિદ્યાપીઠો હતી. કબીર, નામદેવ, તુલસીદાસ, ચૈતન્ય વગેરેના અસંખ્ય ભક્તો ગામેગામ ફરતા અને, વેપારીઓ જેમ ગામેગામ ફરીને લોકોને પોતાનો માલ પહોંચાડે છે તેમ, તેઓ 'ઉપનિષદ વગેરે બ્રહ્મવિદ્યા લોકોના કાન સુધી પહોંચાડતા. વિનોબા ભાવ કહે છે કે, ''બુદ્ધ ઈશુકૃષ્ણથી ગુરુદેવ-રામકૃષ્ણ-વિવેકાનંદ જેવા સંતોએ જથ્થાબંધ બનાવેલો માલસામાન લઈને હું ગામેગામ જઈ તેનું છૂટક વેચાણ કરું છું. આપણે મુક્તિ આપણી અંધશ્રદ્ધાથી મેળવવાની છે. ગામડાંમાં શાળાઓ વધી છે. કૉલેજનું શિક્ષણ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા ગામડામાં પણ વધી છે. પણ શિક્ષણના પ્રમાણમાં સામાજિક જાગૃતિનું દર્શન શા માટે નથી થતું? આજે પણ મરણ પાછળના બારમામાં આંધળો ખર્ચ, છડેચોક બાળલગ્નો, બાળક માંદુ પડે તો દોરાધાગા કરાય છે. અંધશ્રદ્ધાને વહેમથી મુક્તિ કયારે મેળવી શકીશું? પોતાના સંતાનોને ભણાવવાનો પ્રશ્ન આવે ત્યારે પૈસાના અભાવે અસહાય બની જનારા મા-બાપ તેમના લગ્નમાં આંધળો ખર્ચ કરે છે. આ બધાથી મુક્તિ મેળવીને આવો ખર્ચા અર્થમાં સ્વાતંત્ર્યદિનની એક અનોખી ઉજવણી કરીએ!

શ્રી ઈશ્વર પેટલીકર લખે છે તેમ,

શાળા કૉલેજોમાં આપણું શિક્ષણ સમાપ્ત થતું નથી. માણસ તેના આખા જીવનકાળ દરમિયાન કેટલે અંશે વિદ્યાર્થી રહે છે, તેના પર તેનો આધાર છે. વિવિધ પ્રકારનાં વાંચનનો રસ કેળવે અને દરરોજ ઓછામાં ઓછો અમુક સમય તો વાંચન માટે કાઢે, તેને એક જાતનું વ્યસન બનાવે, તો જ તે કેળવાયેલો કહી શકાય.''

- nehalgadhavi101@gmail.com

ધરતીમાંથી ઊગેલા અને લોકધર્મી સાહિત્યકાર દિલીપ રાણપુરા ગરીબોના હામી હતા

પહેલું કિરણ

રમેશ તન્ના

ગુજરાતી ભાષાને એકથી ચડિયાતા એક એવા ઘણા સર્જકો મળ્યા છે. એમાં આપણે દિલીપ રાણપુરાનો સમાવેશ કરી શકીએ. ધરતીમાંથી ઊગેલા આ સાહિત્યકાર વનવગડાની બિનકેળવાયેલી જમીનના વાંસના અંકુર સમાન સાહિત્યકાર હતા. દિલીપ રાણપુરાએ પોતાના લેખનમાં કાયમ લોકોના ક્ષેમકલ્યાણ માટેના પ્રયોજનને કેન્દ્રમાં રાખ્યું હતું.



તેમની નવલકથાઓ કે નવલિકાઓમાં આપણને સામાન્ય લોકોનાં સુખ-દુઃખ, આશા-નિરાશા અને સંઘર્ષ તથા સિધ્ધિ જોવા મળે. તેઓ 'ગુજરાતના ગોર્કી' કહેવાતા હતા. તેમની અનેક નવલકથાઓ લાખો ગુજરાતીઓના હૃદયમાં સ્થાન પામી હતી.

૧૪મી નવેમ્બર, ૧૯૩૧ના રોજ ધંધુકામાં જન્મેલા દિલીપભાઈનાં માતાનું નામ છબલબહેન તથા પિતાનું નામ નાગજીભાઈ.

દિલીપભાઈનું મૂળ નામ તો ધરમશી હતું. ધંધુકામાં જે શેરીમાં દિલીપભાઈનો પરિવાર રહેતો હતો એ જ શેરીમાં દેરાસર હતું. એ દેરાસરમાં રહેતા ધરમશી મહારાજ સાહેબનું નિધન થયું એ પછી તરત જ દિલીપભાઈનો જન્મ થયો હતો એટલે તેમનું નામ ધરમશી રાખવામાં આવ્યું હતું.

તો પછી દિલીપ નામ કેવી રીતે પડ્યું

દિલીપભાઈના મોટા ભાઈ પ્રેમચંદભાઈનાં પત્ની ચંપાબહેને આ નામ આપ્યું હતું. તેઓ દિલીપભાઈને ખૂબ જ સાચવતાં હતાં. મોટાભાગે ફોઈ નામ પાડતાં હોય છે. અહીં ભાભુએ નવું નામ આપ્યું અને દિલીપભાઈએ સ્વીકાર્યું. એ રીતે ધરમશી રાણપુરા પછીથી દિલીપ રાણપુરા બન્યા.

૧૯૫૦માં વર્નાક્યુલર પરીક્ષા પાસ કર્યા પછી તેમણે પીટીસી કર્યું. એ પછી તેઓ શિક્ષક બન્યા હતા. તેઓ નીવડેલા અને ઉત્તમ શિક્ષક હતા. તેમના હાથ નીચે અને હૃદય સાથે ભણેલા સેંકડો વિદ્યાર્થીઓ આજે પણ તેમને આદર અને પ્રેમથી યાદ કરે છે. બજાણામાં તેઓ આચાર્ય પણ થયા હતા. તેમની ખ્યાતિ, નવલકથાકાર, વાર્તાકાર અને ચરિત્ર્યકાર તરીકેની છે.

૨૦૧ વર્ષના ગુજરાતી અખબારી પત્રકારત્વમાં ગ્રામીણ પત્રકારત્વમાં જો કોઈએ સૌથી શ્રેષ્ઠ કામ કર્યું હોય તો તે નામ એટલે દિલીપ રાણપુરા. દિલીપભાઈ ગ્રામજનોના મિત્ર હતા. તેઓ કહેતા કે, કોઈને પૂર્વગ્રહ લાગે એ હદે હું ગામોની તરફેણ કરું છું. કોઈ પત્રકાર કે લેખક તરીકે દિલીપભાઈ જેટલાં ગામો ફર્યા હશે તેટલાં ગામો બીજું કોઈ ભાગ્યે જ ફર્યું હશે. ગામોને ખૂંદી ખૂંદીને તેમણે, લોકોનાં હૃદયમાં પ્રવેશ કરીને તેમણે લેખન કર્યું હતું. ગ્રામીણ પત્રકારત્વ માટે અપાતો રાષ્ટ્રીય સ્ટેટમેન્ટ પુરસ્કાર તેમને સળંગ બે વખત મળ્યો હતો. ત્રીજા વખતે પણ મળવાનો જ હતો, પરંતુ બીમારીને કારણે તેઓ આવેદન કરી શક્યા નહોતા. પત્રકારત્વ મોટાભાગે ગામડાંઓની ઉપેક્ષા કરે છે અથવા તો જે ગ્રામીણ કવરેજ આવે છે તે સમસ્યાલક્ષી હોય છે. એની સામે દિલીપભાઈએ પોતાની લોકાભિમુખ અને અસરકારક કલમ દ્વારા ગામડાંઓનું સાચું ચિત્ર અલગ અલગ રીતે મૂક્યું હતું. ગ્રામીણ પત્રકાર તરીકે ગુજરાતે ન તો તેમને ઓળખ્યા છે કે ન તો તેમના પત્રકારત્વ વિશે કોઈ અભ્યાસ થયા છે. દિલીપ રાણપુરાનું ગ્રામીણ પત્રકારત્વ એ પીએચડીનો વિષય છે.

દિલીપ રાણપુરાએ ૪૦ નવલકથાઓ, પાંચેક વાર્તા સંગ્રહો, ચારેક રેખાચિત્ર સંગ્રહો, ૨૦ જેટલા પ્રસંગ કથા સંગ્રહો તથા લોકજીવન અને લોકસમસ્યાઓ અંગેના પાંચેક પુસ્તક ગરવી ગુર્જર ગિરાના ચરણ કમળોમાં ધરી દીધાં હતાં.

દિલીપ રાણપુરાના લેખનની વિશેષતા કઈ હતી?

દિલીપ રાણપુરા સાચુંકલા માણસ હતા. લખતા એવું જીવતા અને જીવતા એવું લખતા. તેમનું હૃદય શુધ્ધ હતું. તેમનું હૃદય પ્રેમ, સંવેદના અને કરુણાથી છલકાતું હતું. દિલીપ રાણપુરાની આંખોમાં તમે જુઓ તો તમને નરી સંવેદના જ દેખાય.

તેઓ જીવન જીવવા માટેની પ્રતિબધ્ધતા, પ્રકૃતિદત્ત સંવેદનશીલ સ્વભાવ તથા બનાવ કે ઘટના, સંજોગો કે પરિસ્થિતિ વિશે મૌલિક અર્થઘટન કરવાની તેમની સૂઝ આ બધાને કારણે તેમનું લેખન બીજા કરતા સાવ જુદું પૂરવાર થતું. તેમનાં સર્જનમાં આપણને અનુભવની અભિવ્યક્તિ સતત જોવા મળે છે. તેઓ અંચાઈ કરનારા સર્જક નહોતા. જે અનુભવતા તે લખવાની તેમનામાં નીડરતા પણ હતી. તેઓ શેહશરમ વગર લખતા. તેઓ ડરતા નહીં. તેમની અનેક નવલકથાઓમાં તેમણે પોતાની નીડરતા બતાવી છે.

તેઓ સતત લોકોની વચ્ચે રહેતા હતા. લોકોના સુખ-દુઃખ જાણતા હતા. દિલીપભાઈની એક પણ કૃતિ એરકન્ડીશન ઓરડામાં બેસીને બીજાના અનુભવના આધારે લખાઈ નથી.

તેમના અભિન્ન મિત્ર યશવંત મહેતા નોંધે છે કે, 'તેમનું અંગત જીવન સંઘર્ષમય હતું તો વ્યવસાયજીવન પણ એક દીર્ઘ સંઘર્ષ યાત્રારૂપ હતું. સૌરાષ્ટ્રના અને એમાંય ઝાલાવાડનાં ગામડાં પોતાની ગરીબી, અજ્ઞાન અને લોંઠકાઈ માટે જાણીતાં હતાં. દલિત બાળકોને શાળામાં પ્રવેશ આપવા જેવું જરાક પ્રગતિશીલ પગલું ભરે કે તરત જીવલેણ હુમલો થાય. આવી સ્થિતિમાંથી તેઓ પસાર થયા હતા. ગામડાના લોંઠકા લોકો, સ્થાપિત હિતો, લોહીચુસ આગેવાનો, જડસુ વહિવટદારો અને એ બધા દ્વારા શોષાવા છતાં માનવતાના સંસ્કાર સાચવવા તેઓ સતત મથ્યાં કરતાં હતાં. તેના પરિણામે જ તેમની પાત્ર સૃષ્ટિમાં આમ જનતાના સદસ્યો મુખ્ય રહ્યાં છે. તેમની કથાનાં નાયક યા નાયિકા આમ જનતામાંથી સર્જાયાં છે. તેમની કથાના નાયકો કે નાયિકાઓ મિલ માલિકો, કરોડપતિઓ, જમીનદારો કે પ્રધાનો નથી.'

દિલીપ રાણપુરા લોકધર્મી પત્રકારત્વનું બિરુદ પામ્યા હતા. તેમણે ક્યારેય લોકરંજન લેખન કર્યું નહોતું, પરંતુ સમસ્યા મૂલક ગ્રામીણ જીવનને હિંસતી સમસ્યાઓને પોતાના લેખનનો તેમણે આધાર બનાવ્યો હતો. તેમના ચેતનાના કેન્દ્રમાં આમ આદમીનાં દુઃખદર્દ અને વિડંબણાઓ રહેલાં હતાં. દુઃખદર્દમાંથી મુક્ત થવા માટેના માર્ગો ચીંધવામાં તેમનું કળાકર્મ ખીલતું હતું. સંનિષ્ઠ ગ્રામસેવક કરમશીભાઈ અને સવશીભાઈ મકવાણાનો સંપર્ક તેમના માટે ઉપયોગી સાબિત થયો અને એ સંપર્કે તેમના લેખનમાં પ્રાણ પૂર્યા હતા.

'આંસું ભીનો ઉજાસ', 'આ કાંઠે તરસ' તથા 'ઊંડા ચીલા' અને 'રસ્તા' નામની નવલકથાઓમાંથી વાચક પસાર થાય ત્યારે આ બધી પ્રતીતિ તેમને થાય છે. મનુભાઈ પંચોળીએ તેમના સર્જન વિશે એક વખત લખ્યું હતું કે, ''તેમની વિશેષતા એ છે કે, વાસ્તવિકતાને અવગણ્યા સિવાય ગ્રામપ્રદેશની ચીખ રજૂ કરી દે છે. ગ્રામપ્રદેશનું વાતાવરણ લઈને ચાલનારા, મેઘાણીની અસર નીચે મધ્યયુગી ખાનદાની આબોહવા કે ઠકરાતી અવશેષોની આજુબાજુ પોતાની કથાની ઈમારત રચતા હોય છે. દિલીપ રાણપુરાને નથી મધ્યયુગી આબોહવાનો મોહ કે નથી ઠકરાતી અવશેષો તરફ રાગ. કાળગ્રસ્ત થઈ ગયેલા જમાનાને સંભારવાની તેમને ફુરસદ નથી.''

તો તેમના મિત્ર અને સાહિત્યકાર યશવંત મહેતાએ તેમના સર્જનને બિરદાવતા લખ્યું હતું કે, ''આંસુભીનો ઉજાસ વાંચીને મેં તમને લખેલું કે, આ વાર્તામાં સમષ્ટિ કરતાં વ્યક્તિનું મહત્ત્વ વધારે છે. આ કાંઠે તરસ અનિવાર્યપણે આંસુભીનો ઉજાસ કરતા એના રંકજનોની યાતનાઓને વાચા આપનારાઓમાં તમે સૌથી આગળો છો અને આવતીકાલ એ રંકજનોની જેમ તમારી પણ છે. જ્યારે માત્ર સુશોભિત શબ્દ-શૈલીની નહિં, પરંતુ માનવીય ગૌરવનો પડઘો પાડતા શબ્દની પ્રતિષ્ઠા થશે ત્યારે તમે સૌથી વધુ માનપાત્રોની હરોળમાં બેસશો. તમે અમારા ગોર્કી છો.''

અનુસંધાન પાના નં. ૭ પર